***<u>આંક–૫:–</u>*** *સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧ તથા ર, કલમ ૧૫૧ મુજબ વચગાળાનો કામચલાઉ પ્ર કારનો મનાઈ હુકમ મેળવવાની અરજી હેઠળનો હુકમ...*

..............................................................................

**(૧)** વાદી તરફે વિ.વશ્રી એમ.પી.લાખાણીને સાંભળ્યા, પ્રતિવાદી નં.૧,ર તરફે કોઈ વ.શ્રીએ દલીલ સમયે હાજર ન હોય તેમજ પ્રતિવાદી નં.૩,૪ તરફે તા.૦૩.૧૧.૨૦૨૨ ના રોજ એક તરફી ચલાવવાનો હુકમ કરેલ હોય સદર કામે રજુ **<u>આંક–૫</u>**ની અરજી તેમજ દસ્તવેજી પુરવા વંચાણે લીધા.

**(૨)** વાદીની **<u>આંક–૫</u>** ની વચગાળાનો કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજીની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના વાદીઓ ગઢડા શહેરના પીપળાવાડી વિસ્તારમાં રહે છે અને ખેતીવાડી કરી પોતાનુ ગુજરાન ચલાવે છે આ કામના વાદી નં.ર વાદી નં.૧ના પુત્ર જાય છે. અને આ કામના પ્રતિવાદી નં.૧ ગઢડા શહેરની મોહન નગર સોસાયટીમાં રહે છે અને ઘરકામ કરે છે, આ કામના પ્રતિવાદી નં.ર જીયો કંપની લીમીટેડ, ગઢડાના ડીસ્ટ્રીબયુટર છે, આ કામના પ્રતિવાદી નં .૩ જીયોના મોબાઈલ ટાવર ઉભો કરવાના કોન્ટ્રાકટર છે, આ કામના પ્રતિવાદી નં.૪, ગઢડા શહેરની મોહન નગર સોસાયટીમાં રહે છે ખેતીવાડી કરે છે.

આ કામના વાદી નં.૧નાઓએ તેઓની માલીકીની ગઢડાની જમીન રે.સ.નં. ૫૫/૫૬ની રહેણાંકના હેતુ માટે બીન ખેતી કરાવેલ તેમા કુલ ૧૯ પ્લોટ પાડેલ જે પૈકી પ્લોટ નં.૧ થી ર તથા પ્લોટ નં. ૯ થી ૧૧ ની માલીકી હાલ વાદી નં.૧પાસે છે જયારે અન્ય પ્લોટ વેચાણ કરી આપેલ છે. હાલ વાદી પ્લોટ નં.૩ માં વાદી નં.ર તેઓના પરીવાર સાથે મકાન બનાવી રહે છે. સદરહું પ્લોટો પૈકી પ્લોટ નં.૧૦ આ કામના વાદીએ પ્રતિવાદી નં.૩ ને રહેણાંકના હેતુ માટે રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી આપેલ જે પ્લોટની ખુલ્લી જમીન હાલ પણ પ્રતિવાદી નં.૩ નાએ ધારણ કરેલ છે. સદરહું પ્લોટ નં.૧૦ ની ચર્તુદિશા નીચે મુજબ છે.

**<u>પુર્વ:–</u>** તે તરફ વાદીનો લાગુ પ્લોટ નં.૧૧ આવેલ છે.

**<u>પશ્વિમ:–</u>** તે તરફ વાદીનો લાગુ પ્લોટ નં.૯ આવેલ છે.

**ઉત્તરઃ–** તે તરફ લાગુ જાહેર રસ્તો આવેલ છે.

**દક્ષીણઃ–** તે તરફ રે.સ.નં.૫૫ પૈકીની સ્વામીનારાયણ નગર તરીકે બીનખેતી થયેલ જમીનના પ્લોટો આવેલ છે.

ઉપરોકત ચર્તુદિશા વાળા પ્રતિવાદીના પ્લોટ નં.૧૦ જેનુ ક્ષેત્રફળ કુલ– ૨૧૦.૨૫ ચો.મી છે જે પ્રતિવાદીને ફકત રહેણાંકના હેતુ માટે જ ઉપયોગ – ઉપભોગ કરવા કે મકાન બાંધવાના હકક થી વેચાણ આપેલ તેમ છતા આ કામના પ્રતિવાદી નં.૧ નાએ ગેરકાયદેસર રીતે આ કામના અન્ય પ્રતિવાદીઓ સાથે મેળાપીપણુ કરીને જીયો કંપનીનો મોબાઈલ ટાવર ઉભો કરવા માટે આ કામના પ્રતિવાદી નં.૩ સાથે કરાર કરેલ અને ગેર કાયદેસર રીતે રહેણાંકના વિસ્તારમાં મોબાઈલ ટાવર ઉભો કરી રહયા હોવાની બાબતની જાણ આ કામના વાદીને થતા આ કામના વાદીઓએ પ્રતિવાદીઓને સમજાવેલ કે સદરહું જમીન ફકત તમોને રહેણાંકના ઉપયોગ કરવા માટે જ વેચાણ આપેલ છે જો તમો સદરહું વાદગ્રસ્ત જગ્યામાં મોબાઈલ ટાવર ઉભો કરશોતો આજુ બાજુમાં રહેતા લોકોને મોબાઈલ ટાવરના રેડીએશનના કારણે મગજની તકલીફો વિગેરે ઉભી થાય તેમજ ટાવરના કારણે આજુબાજુમાં રહેતા લોકોને જાનનુ પણ જોખમ છે મોબાઈલ ટાવરના રેડીએશન થી આજુબાજુના લોકોને ખુબ જ શારીરીક, માનસીક હાલાકી ભોગવવી પડે તેવા સંજોગો ઉભા થાય તેમ હોય જે અંગે વાદીઓ દવારા આ કામના પ્રતિવાદીઓને સમજ કરેલ તેમ છતા ન સમજતા વાદીઓ દવારા પ્રતિવાદીઓને ટાવર ઉભો ન કરવા બાબતની તા.૨૯.૦૯.૨૦૨૨ ના રોજ નોટીસ આપેલ જે પ્રતિવાદીઓને તા.૩૦.૦૯.૨૦૨૨ ના રોજ મળી ગયેલ હોય તેમ છતા પ્રતિવાદીઓએ નોટીસનો કોઈ જ જવાબ આપેલ નથી અને મોબાઈલ ટાવર ઉભો કરવાની કામગીરી ચાલુ રાખી રહેલ છે. જો સદરહું પ્લોટમાં મોબાઈલ ટાવર બને તો મોબાઈલ ટાવરના રેડીએશનના કારણે પારવાર અગવડ મુશ્કેલીઓ અને નાણાં થી પણ ન આંકી શકાય તેવુ અસહ્ય નુશકાન વેઠવુ પડે તેમ છે અને પ્રતિવાદીઓને તેમ કરતા અટકાવતા તેઓને કોઈ અગવડ કે નુકશાન થાય તેમ નથી દાવો ચાલવાના સમયમાં જો મોબાઈલ ટાવર ઉભો કરી દેવામાં આવેતો દાવાનો કોઈ અર્થ રહેતો નથી જેથી જ સદરહું દાવાના કામે કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા તેમજ સદરહુ અરજીનો ખર્ચ તેમજ ખાસ નુકશાની મેળવવા વાદીઓએ અરજ કરેલ છે.

(૩) સદર કામે પ્રતિવાદીઓને નોટીસ કાઢતા ધોરણસરની બજવણી થયેલ પ્રતિવાદીનં.૧,૨

તરફે વ.શ્રી. વી.ઝેડ.રોજાસરાનુ વ.પત્ર રજુ થયેલ હોય તેમજ સદર કામે તા.૦૩.૧૧.૨૦૨૨ ના રોજ થયેલ **<u>આંક–૧</u>** લગત હુકમ મુજબ પ્રતિવાદી નં.૩ તથા ૪ તરફે એક તરફી ચલાવવાનો હુકમ થયેલ છે તેમજ તા.૦૯.૧૧.૨૦૨૨ ના રોજ થયેલ **<u>આંક–૧</u>** લગત હુકમ મુજબ પ્રતિવાદી નં .૧,૨ નો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૪)** સદર કામે વાદી તરફે દસ્તાવેજી પુરાવાલીસ્ટ **<u>આંક–૪</u>** થી રજુ છે જે નીચે મુજબ છે.

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક/માર્ક** |
|---|---|---|
| ૧ | રે.સર્વે નં.૫૫/૬૬ની જમીન રહેણાંકના હેતુ માટે બીનખેતી મંજુર થયા અંગેના હુકમની નકલ | માર્ક–૪/૧ |
| ૨ | રે.સર્વે નં.૫૫/૬૬ની જમીન રહેણાંકના હેતુ માટે બીનખેતી મંજુર થયા અંગેના લે–આઉટ પ્લાનની ખરી નકલ | માર્ક–૪/૨ |
| ૩ | વાદી નં.૨ ની ખાતેદાર ભુસંપતીની ગામ નમુના નં.૮–અ ના ઉતારાની નકલ | માર્ક–૪/૩ |
| ૪ | વાદી નં.૧ના ગામ નમુના નં.૭/૧૨ની નકલ | માર્ક–૪/૪ |
| ૫ | વાદી નં.૧ના ગામ નમુના નં.૮–અ ની નકલ | માર્ક–૪/૫ |
| ૬ | વાદી નં.૧ દવારા પ્રતિવાદીને આપેલ નોટીસની નકલ | માર્ક–૪/૬ |
| ૭ | પ્રતિવાદી નં.૧ને નોટીસની બજવણી થયા અંગેની સ્લીપ | માર્ક–૪/૭ |
| ૮ | પ્રતિવાદી નં.૨ને નોટીસની બજવણી થયા અંગેની સ્લીપ | માર્ક–૪/૮ |

**(૪.૧)** સદર કામે વાદી તરફે દસ્તાવેજી પુરાવાલીસ્ટ **<u>આંક–૧૩</u>** થી રજુ છે જે નીચે મુજબ છે.

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક/માર્ક** |
|---|---|---|
| ૧ | વાદી નં.૧ના પ્લોટ નં.૯ તથા ૧૧ ના ગામ નમુના નં.૨ ની નકલ | માર્ક–૧૩/૧ |
| ૨ | વાદી નં.૨ના પ્લોટ નં.૩ ના ગામ નમુના નં.૨ની નકલ | માર્ક–૧૩/૨ |
| ૩ | પ્રતિવાદી નં.૧ તથા ૨ ના પ્લોટ નં.૧૦ ના ગામ નમુના નં.૨ની નકલ | માર્ક–૧૩/૩ |
| ૪ | પ્રતિવાદી નં.૧,૨ તથા ૩ની સામે વાદી તથા રહીશો દવારા કરવામાં આવેલ અરજીની નકલ | માર્ક–૧૩/૪ |
| ૫ | આર.પી.એ.ડી. પહોચ | માર્ક–૧૩/૫ |

**(૪.૨)** સદર કામે વાદી તરફે દસ્તાવેજી પુરાવાલીસ્ટ **આંક–૧૬** થી રજુ છે જે નીચે મુજબ છે.

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક/માર્ક |
|---|---|---|
| ૧ | ગઢડા પોલીસ સ્ટેશનમાં આપેલ લેખિત ફરીયાદ | માર્ક–૧૬/૧ |

**(૪.૩)** સદર કામે વાદી તરફે દસ્તાવેજી પુરાવાલીસ્ટ **આંક–૧૮** થી રજુ છે જે નીચે મુજબ છે.

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક/માર્ક |
|---|---|---|
| ૧ | બોટાદ કલેકટરશ્રીને આપેલ વાંધા અરજી અંગેની નોટીસ મળ્યાની સ્લીપ | માર્ક–૧૮/૧ |
| ૨ | બોટાદના નાયબ કલેકટરશ્રીને વાંધા અરજી અંગેની નોટીસ મળ્યાની સ્લીપ | માર્ક–૧૮/૨ |
| ૩ | જિલ્લા વિકાસ અધિકારીશ્રીને વાંધા અરજી અંગેની નોટીસ મળ્યાની સ્લીપ | માર્ક–૧૮/૩ |
| ૪ | ચીફ ઓફીસરશ્રીને વાંધા અરજી અંગેની નોટીસ મળ્યાની સ્લીપ | માર્ક–૧૮/૪ |
| ૫ | ગઢડા મામ.સાહેબને વાંધા અરજી અંગેની નોટીસ મળ્યાની સ્લીપ | માર્ક–૧૮/૫ |
| ૬ | કલેકટર સાહેબે ગઢડા માલતદારને તેમજ ચીફઓફીસરશ્રીને નોટીસના અનુસંધાને યોગ્ય કાર્યવાહી કરવા લખેલ પત્રની નકલ | માર્ક–૧૮/૬ |
| ૭ | જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ યોગ્ય કાર્યવાહી કરવા અંગે ચીફ ઓફીસરશ્રીને લખેલ પત્રની નકલ | માર્ક–૧૮/૭ |

**(૫)** સદર કામે પ્રતિવાદીઓ તરફ થી કોઈ દસ્તાવેજી પુરાવો રજુ નથી, જવાબનો હકક બંધ થયેલ હોય જેથી જવાબ પણ રજુ થયેલ નથી.

**(૬)** ઉપરોકત તમામ હકીકતો તેમજ કેસનું રેકર્ડ ધ્યાને લેતા તેમજ સદર અરજીનો ન્યાયિક નિર્ણય કરતા એ જોવુ જરુરી છે કે, સદરહું આંક–૫ દરમ્યાન મનાઈ હુકમની અરજીના મુખ્ય પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ શું વાદીની આંક–૫ની અરજી પ્રથમદર્શનીય છે કે કેમ? વાદીની આંક–૫ની અરજીની સગડતા અને સંતુલા વાદીના લાભમાં છે કે કેમ? અને વાદીને જો સદરહું અરજી વાદીના હિતમાં મંજુર કરવામાં ન આવે તો શું વાદીને નાણાં થી પણ ના ભરપાઈ થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે કે કેમ?

સદર કામે વાદી ની **આંક–૫** ની અરજી તેમજ રજુ દસ્તાવેજી પુરાવા મુજબ વાદીએ જમીન રહેણાંકી હેતુ માટે બીનખેતી કરાવેલ છે જે **માર્ક–૪/૧** થી રજુ કરેલ છે.

અને રહેણાંકના હેતુ સબબ પ્લોટીંગ કરી તમામ પ્લોટોનુ વેચાણ કરેલ છે તે પૈકીના પ્લોટ નં.૧ ૦માં આ કામના પ્રતિવાદીઓ મોબાઈલ ટાવર ઉભો કરવાની પેરવી કરી રહયા છે જે પંચ રોજકામ તેમજ નકશો જોતા જણાય આવે છે જે સદર કામે **માર્ક–૧૧/૨** અને **માર્ક–૧૧/૩** થી રજુ છે. વાદીઓ તેમની દાવા અરજીમાં જણાવે છે કે, મોબાઈલ ટાવર ઉભો થવાથી વાદીઓને શારીરીક, માનસીક અને આર્થીક ત્રાસ વેઠવો પડે તેમ છે વાદી પોતાની દાવા અરજીમાં જણાવે છે કે,જો મોબાઈલ ટાવર ઉભો કરવામાં આવે તો તેના રેડીએશન થી આજુબાજુના લોકોના સ્વાસ્થ્યને નુકશાન થાય તેમ છે અને જાનનુ જોખમ હોવાનુ જણાવે છે સદર કામે વાદીઓ દવારા પ્રતિવાદીઓને મોબાઈલ ટાવર ઉભો ન કરવા બાબતે સમજ કરેલ તેમજ નોટીસ પણ આપેલ છે જે સદર કામે **માર્ક–૪/૬** થી રજુ છે જેનો પ્રતિવાદીઓ દવારા કોઈ જવાબ રજુ કરેલ નથી. સદર કામે વાદીઓ તેમજ સોસાયટીના અન્ય સભ્યો દવારા મોબાઈલ ટાવર ન ઉભો કરવા બાબતે મામલતદારશ્રી, ચીફ ઓફીસરશ્રી, કલેકટરશ્રી, નાયબ કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રીને રજુઆત કરેલ છે તેમજ પોલીસ સ્ટેશને લેખિત ફરીયાદ પણ આપેલ જે સદરકામે **માર્ક–૧૮/૬,માર્ક–૧૮/૭,માર્ક–૧૩/૪** અને **માર્ક–૧૬/૧**થી રજુ છે. વાદીઓ દવારા કલ ેકટરશ્રીને તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને અરજી કર્યાબાદ કલેકટરશ્રીએ મામલતદારશ્રી તેમજ ચીફઓફીસરશ્રીને યોગ્ય કાર્યવાહી કરવા કહેલ જે પત્ર સદર કામે **માર્ક–૧૮/૬** થી રજુ છે તેમજ જિલ્લા વિકાસ અધિકારીએ ચીફ ઓફીસરશ્રી ગઢડાને યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલ જે પત્ર સદર કામે **માર્ક–૧૮/૭** થી વાદીઓએ દસ્તાવેજી પુરાવા તરીકે રજુ રાખેલ છે. સદર કામે પ્રતિવાદી નં.૧,૨ નો જવાબનો હકક તા.૦૯.૧૧.૨૦૨૨ ના રોજ બંધ કરેલ છે તેમજ પ્ર તિવાદી નં.૩,૪ તરફે તા.૦૩.૧૧.૨૦૨૨ ના રોજ કેસ એકતરફી ચલાવવાનો હુકમ કરવા માં આવેલ છે જેથી સદર કામે પ્રતિવાદીઓ તરફ થી કોઈ જ જવાબ કે પુરાવો રજુ નથી. તેવા સં જોગોમાં વાદી તરફે રજુ હકીકત તથા દસ્તાવેજી પુરાવા જોતા જાહેર હીતને ધ્યાનમાં રાખી વાદની **આંક–૫**ની હીકકતને સમર્થનકારક દસ્તાવેજી પુરાવા વાદીની દાવાઅરજી પ્રથમદર્શનિય હોય તેવુ સ્પષ્ટ થાય છે તેમજ રજુ દસ્તાવેજી પુરાવાના આધારે સગવડતા–અગવડતાની સંતુલા પણ વાદીના હકકમાં જણાય છે **તેમજ સદરહું કામે પ્રતિવાદી મોબાઈલ કંપની તરફ થી હાજર રહીને રહેણાંક વિસ્તારમાં મોબાઈલ ટાવર ઉભો કરવા થી તેના રેડીએશન થી સોસાયટીના રહીશોને કોઈ માનસીક કે શારીરીક નુકશાન પહોચે તેમ નથી તેવી કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ**

**નથી કે કોઈ તે અંગેનો દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી તેવા સંજોગોમાં સોસાયટીના રહીશોના હિતને ધ્યાનમાં રાખી અને *૨૦૧૦(૨) જી.એલ.આર. પેજ નં.૧૦૪૮ હર્ષદકુમાર કાંતિલાલ ભાળોદવાળા અને અન્ય વિ. કિશોરભાઈ ચંદુભાઈ પટેલ અને અન્ય*** ના કામે નામ. ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ વાદીની **આંક–૫** દરમ્યાન મનાઈ હુકમ ની અંશતઃ મંજુર કરવી ન્યાયોચિત જણાતુ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

– આથી વાદીની આંક–૫ દરમ્યાન મનાઈ હુકમની અરજી અંશતઃમંજુર કરવામાં આવે છે.

– સદરહું દાવાનો આખરી હુકમ ન થાય ત્યાં સુધી વાદગ્રસ્ત જગ્યા પ્લોટ નં.૧૦ ની યથાવત પરીસ્થીતી પ્રતિવાદીઓએ જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

– ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તા.૦૭મી માહે.માર્ચ, સને–૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭.૦૩.૨૦૨૩
ગઢડા

(રાહુલ લલીતભાઈ ત્રિવેદી)
પ્રિન્સીપાલ સિવીલ જજ, ગઢડા
જજ કોડ:જી.જે.૦૦૦૫૬૨